# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Porbandar helicopter crash

પોરબંદર કોસ્ટગાર્ડનાં વિમાનમથકે આજે હેલિકોપ્ટર તૂટી પડતાં ચાલક દળનાં ત્રણ સભ્યોનું મૃત્યુ થયાનાં અહેવાલ છે. અમારા પોરંબદર જિલ્લાના પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, આજે સવારે સાડા દસ કલાકે કોસ્ટગાર્ડના એર એન્કલવ પર ધ્રુવ હેલિકોપ્ટર લેન્ડિંગ દરમિયાન તૂટી પડ્યું છે.

હેલિકોપ્ટર ક્રેશ થતાંની સાથે જોરદાર વિસ્ફોટ થયો હતો. અગ્નિશમન વિભાગે આગ ઓલવવાની કામગીરી કરી હતી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

. . . . . . . . . . . . .

# Katch

કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના ભીમસર રેલવે સ્ટેશન પાસે રેલવે ટ્રેકને ઓળગી રહેલો પરિવાર ચાલતી ટ્રેનની અડફેટે આવી જતાં ૩ જણાંના મોત થયા હતા. અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે ભુજથી મુંબઈ જતી કચ્છ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતાં ગભીર ઇજાગ્રસ્ત પરિવારને રેલ્વે સ્ટાફ અને સ્થાનિક લોકોએ મદદ કરી હતી અને ગાંધીધામ પોલીસને જાણ કરી હતી.

. . . . . . . . . . . . .

# CM Anjanadham

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, આંજણાધામ નિર્માણનું કાર્ય સમાજ શક્તિ અને રાષ્ટ્ર નિર્માણમાં જોડવાની પ્રેરણા આપનારું છે. ગાંધીનગર જિલ્લાના જમિયતપુરા ખાતે આંજણાધામનાં શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ સંકુલ સમાજના યુવાનોનાં કારકિર્દી ઘડતરની સાથે સદાચાર અને સદમાર્ગે લઈ જવાનું કાર્ય કરશે. તેમણે આંજણાધામને દેશપ્રેમના સંસ્કારોનું સિંચન કરવા માટેનું કેન્દ્ર ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ

(Byte -- CM Anjanadham)

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સહિયારા પ્રયાસો દ્વારા રાષ્ટ્ર અને રાજ્યને પ્રગતિમય બનાવી શકશે. આ પ્રસંગે  રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આંજળાધામનાં નિર્માણમાં સહયોગ આપનારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

# CM Patidar Parivar

શ્રી પાટીદાર પરિવાર મહિલા વિકાસ ટ્રસ્ટ (લવ-કુશ)ની વિવિધ મહિલા પાંખોનું પંચામૃત- પાંચમું અધિવેશન આજે અમદાવાદમાં યોજાયું હતું.

પાટીદાર બહેનો સ્વરોજગાર દ્વારા આત્મનિર્ભર અને આર્થિક રીતે પગભેર રીતે થાય તે માટે રાજ્ય સરકારની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં આ મુજબ જણાવ્યુ.

(Byte -- CM Bhupendra Patel)

. . . . . . . . . . . . .

# MANDAVIYA - SUNDAYS ON CYCLE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ આજે સવારે ગુજરાતના પોરબંદરમાં તેમના મતવિસ્તારમાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ "સન્ડે ઓનસાયકલ" પહેલમાં ભાગ લીધો હતો. ડો. માંડવીયાએ પોરબંદરના ઉપલેટા વિસ્તારમાં સ્થાનિકો સાથે સાયકલ રાઈડ કરી હતી. સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI) અને MYBharat ના સહયોગથી,ફિટનેસ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા લોકોને રવિવારે સાયકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે "સન્ડે ઓન સાયકલ" પહેલ ગયા મહિને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PUBLIC PROCECUTER TRAINING

કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ન્યાય પ્રણાલીને વધુ પારદર્શક બનાવવા માટે ગુજરાત વડી અદાલત બાદ તમામ જિલ્લા અદાલતોને પણ ટેકનોલોજીથી સુસજ્જ કરવામાં આવશે.

કાયદા વિભાગ દ્વારા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-GNLU ખાતે ગુજરાતના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સ માટે ગાંધીનગર ખાતે આયોજિત તાલીમ કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલનાં હસ્તે આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને લેપટોપનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રી પટેલે જણાવ્યું કે, આ તાલીમથી મદદનીશ સરકારી વકીલોને આ ત્રણ નવા ફોજદારી કાયદા અંગે વિગતવાર માહિતી મળશે, જેથી અદાલતમાં ઝડપથી કેસ કેવી રીતે ચાલે તે માટે તેઓ સજ્જ થઈ શકશે

. . . . . . . . . . . . .